# ઓસ્ટ્રેલિયા વર્લ્ડકપની ફાઈનલમાં

## સતત૭ જીતનો સિલસિલો અટક્યો : કોહલી, રૈનાનો નિર્ણાયક મેચમાં જ ફલોપ શો

સિડની,તા. ૨૬

સિડનીના મેદાન ઉપર ઓસ્ટ્રેલિયાએ આજે વધુ એક ઈતિહાસ સર્જીને આઈસીસી વર્લ્ડકપની ફાઈનલમાં આગેકૂચ કરી લીધી હતી. ભારત ઉપર ૯૫ રને જીત મેળવીને ચાર વખતના વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાએ ફાઈનલમાં ગૂચ કરી હતી જ્યાં તે રવિવારના દિવસે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર ન્યુઝીલેન્ડ સામે ટકરાશે. ન્યુઝીલેન્ડે બીજી સેમિફાઈનલમાં દક્ષિણ આફ્રિકા પર રોમાંચક જીત મેળવી હતી. આજે જીતવા માટેના ૩૨૯ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય ટીમ અપેક્ષા કરતા ખુબ નબળો દેખાવ કરીને ૨૩૩ રન જ બનાવી શકી હતી. ભારતના સ્ટાર ખેલાડીઓનો ફ્લોપ શો રહ્યો હતો. ભારત તરફથી રોહિત શર્મા ૩૪, શિખર ધવન ૪૫, વિરાટ કોહલી એક, રૈના સાત રન કરીને આઉટ થયા હતા. ઓસ્ટ્રેલિયાએ તરફથી ફોકનરે ત્રણ વિકેટ ઝડપી હતી જ્યારે સ્ટાર્કે બે વિકેટ ઝડપી હતી. સિડનીમાં હાઉસફુલના શો વચ્ચે માઈકલ કલાર્કના નેતૃત્વમાં ઓસ્ટ્રેલિયન ટીમે શક્તિશાળી ધોનીની ટીમને દરેક વિભાગમાં હાર આપી હતી. વર્તમાન ચેમ્પિયન ભારતના પડકારનો આની સાથે જ અંત આવ્યો હતો. વર્તમાન ચેમ્પિયન ભારતના પડકારનો અંત આવતા કરોડો ચાહકોના દિલ તુટી ગયા હતા. મેદાન પર જ ઘણા ચાહકો ભાવનાશીલ બની ગયા હતા. સદી ફટકારનાર સ્ટીવ સ્મિથને મેન ઓફ દ મેચ તરીકે જાહેર કરાયો હતો. અગાઉ આઈસીસી વર્લ્ડ કપની બીજી સેમીફાઈનલ મેચમાં આજે પ્રથમ બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયાએ નિર્ધારિત ૫૦ ઓવરમાં સાત વિકેટ ગુમાવીને ૩૨૮ રન કર્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી સ્ટાર ખેલાડી સ્ટીવ સ્મીથે શાનદાર ૧૦૫ રન કર્યા હતા. જેમાં ૧૧ ચોગ્ગા અને બે છગ્ગાનો સમાવેશ થાય છે. સ્મીથે માત્ર ૯૩ બોલમાં આ રન




બનાવ્યા હતા. સ્ટીવ સ્મીથ ઉપરાંત ફિન્ચે ૮૧ રનની ઈનિંગ્સ રમી હતી. મેક્સવેલ ઝડપથી ૨૩ રન કરીને આઉટ થયો હતો. ઓસ્ટ્રેલિયાએ એક વખતે ૨ વિકેટ ગુમાવીને ૧૯૭ રન કર્યા હતા અને એમ લાગતુ હતુ કે ઓસ્ટ્રેલિયા ૩૫૦ રનથી વધુનો જુમલો ખડકશે પરંતુ તેની ઝડપથી વિકેટો પડી હતી. ક્લાર્ક માત્ર ૧૦ રન કરીને આઉટ થયો હતો. આજે ઓસ્ટ્રેલિયાના કેપ્ટન માઈક્લ ક્લાર્કે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. જો કે ડેવિડ વોર્નર તરીકે ઓસ્ટ્રેલિયાએ તેની પ્રથમ વિકેટ ઝડપથી ગુમાવી હતી. ત્યારબાદ સ્મીથ અને ફિન્ચે બાજી સંભાળી લીધી હતી. આંકડાની વાત કરવામાં આવે તો ઓસ્ટ્રેલિયાએ તેમની વચ્ચે રમાયેલી આજની મેચ પહેલા ૧૧૭ મેચો પૈકી ૬૭માં જીત મેળવી હતી. આજે ૬૮મી જીત હાસલ કરી હતી. આજની મેચ અગાઉ ભારતે ૪૦માં જીત મેળવી છે. વર્લ્ડ કપમાં પણ તેમની વચ્ચે રમાયેલી ૧૧ મેચો પૈકી હવે ભારતે માત્ર ત્રણ અને ઓસ્ટ્રેલિયાએ ૮ મેચો જીતી છે. વર્લ્ડ કપની પ્રથમ ત્રણ એડિશનમાં ભારત અને ઓસ્ટ્રેલિયા દેખાવમાં એક સમાન રહ્યા હતા. જો કે વર્ષ ૧૯૯૨ બાદથી ઓસ્ટ્રેલિયાએ ભારત પર પ્રભુત્વ મેળવી લીધુ હતુ અને સતત પાંચ મેચોમાં ભારતને હાર આપી હતી. જો કે ટીમ ઈન્ડિયાએ છેલ્લે વર્ષ ૨૦૧૧માં આ તબક્કામાંથી બહાર નિકળીને ઓસ્ટ્રેલિયાને હાર આપી હતી. વર્ષ ૨૦૧૧માં વર્લ્ડ કપની ક્વાર્ટર ફાઈનલ મેચમાં ભારતે અમદાવાદ ખાતે ઓસ્ટ્રેલિયાને હાર આપી હતી. આજે ઓસ્ટ્રેલિયાએ છેલ્લી વર્લ્ડકપ હારનો બદલો પણ લીધો હતો. ઓસ્ટ્રેલિયા આઈસીસી વનડે રેન્કિંગમાં પ્રથમ ક્રમાંકની ટીમ છે. વર્લ્ડકપમાં ૧૧ મેચો પૈકી ઓસ્ટ્રેલિયા આઠ મેચ જીત્યું છે. ભારતમાં પણ ઓસ્ટ્રેલિયા ચાર પૈકી બે મેચો વર્લ્ડકપમાં જીતી ગયું છે. તટસ્થ સ્થળ ઉપર પાંચ પૈકી ચાર મેચ ઓસ્ટ્રેલિયા અને એક મેચ ભારત જીત્યું છે. વર્લ્ડકપમાં ઓસ્ટ્રેલિયાની જીતની ટકાવારી ૭૪.૬૯ અને ભારતની જીતની ટકાવારી ૬૩.૬૯ની રહી છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં બીજી વખત વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ વર્ષ ૧૯૯૨માં આનુ આયોજન કરવામાં આવ્યું હતુ. વર્તમાન ચેમ્પિયન ભારત કપને જાળવી રાખવા માટે સજ્જ છે.વર્લ્ડ કપની મેચો ૨૯મી માર્ચ સુધી ચાલશે. તમામ મેચો ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના મેદાનમાં રમાશે.રાઉન્ડ રોબિન અને નોકઆઉટ ફોર્મેટના આધારે તમામ મેચો રમાઈ છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા ટુર્નામેન્ટ માટે કુલ ઈનામી રકમ ૧૦ કરોડ રૂપિયા રાખવામાં આવી છે. જે વર્ષ ૨૦૧૧માં વર્લ્ડ કપની રકમ કરતા ૨૦ ટકા રકમ વધારે છે. આઈસીસી વર્લ્ડ કપની પ્રથમ સેમીફાઈનલ મેચ દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાઈ હતી. જેમાં ન્યુઝીલેન્ડે અતિ રોમાંચક તબક્કામાં મેચ પ્રવેશી ગયા બાદ જીત મેળવી હતી.ન્યુઝીલેન્ડના ઈલિયોટે છગ્ગો ફટકારીને પોતાની ટીમને જીત અપાવી હતી. ઓસ્ટ્રેલિયાએ ઘરઆંગણે ભારત સામે જીત મેળવીને લાજ બચાવી હતી. સાથે સાથે પ્રતિષ્ઠા સાથે ફાઈનલમાં પણ કુચ કરી હતી.

---

## જમીન બિલ પર મોદી સાથે ચર્ચા કરવા અણ્ણા ઈચ્છુક

પુણે, તા. ૨૬

જમીન અધિગ્રહણ બિલમાં એનડીએ સરકાર દ્વારા સુધારા કરવામાં આવ્યા બાદ આની સામે ઝુંબેશ ચલાવી રહેલા સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હઝારેએ આજે આ વિવાદાસ્પદ બિલના સંદર્ભમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ખુલ્લી ચર્ચાની રજૂઆત કરી હતી. બિલનો વિરોધ કરી રહેલા લોકોસાથે બિલ



ઉપર ચર્ચા કરવાની કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી ઈચ્છા વ્યક્ત કરી ચુક્યા છે તે અંગે પુછવામાં આવતા અણ્ણાએ કહ્યું હતું કે, ગડકરીનું હોમવર્ક ખુબ જ નબળું છે અને આ મુદ્દે ચર્ચા કરવા કેમેરા ઉપર વડાપ્રધાન સાથે વાત કરવા ઈચ્છુક છીએ. અણ્ણાએ તેમના વતન રાલેગન સિદ્ધી ગામમાં પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે ચર્ચા લોકો નિહાળે તે જરૂરી છે. ગડકરીએ અગાઉ કહ્યું હતું કે, સરકાર આ બિલના પાસા ઉપર ચર્ચા કરવા માટે તૈયાર છે. રાજ્યસભામાં આ બિલને હજુ મંજુરી મળી નથી. કોંગ્રેસના નેતૃત્વમાં યુનાઈટેડ અને અગ્રેસીવ વિરોધ પક્ષો વિરોધ કરી રહ્યા છે. રાજ્યસભામાં આ બિલને રોકવાની તૈયારી દર્શાવવામાં આવી રહી છે. ગયા સપ્તાહમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને એક મેમોરેન્ડમ પણ સુપરત કરવામાં આવ્યું હતું. ગયા સપ્તાહમાં ખેડૂત વિરોધી બિલ તરીકે આને ગણાવવામાં આવ્યું હતું. કોંગ્રેસના નેતૃત્વમાં વિરોધ પક્ષો ખુબ જ આક્રમક દેખાઈ રહ્યા છે.

---

## નીતિશની મોદી સમક્ષ બિહાર માટે વિશેષ દરજ્જાની માંગણી

નવી દિલ્હી,તા. ૨૬

બિહારના મુખ્યમંત્રી નિતીશકુમારે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળીને ઘણા મુદ્દાઓ ઉપર રજૂઆત કરી હતી. નિતીશકુમારે વડાપ્રધાનની બિહારની નાણાંકીય સ્થિતિ અંગે માહિતી આપી હતી. સાથે સાથે કેટલીક સુવિધાઓ આપવાની પણ માંગ કરી હતી. અત્રે નોંધનીય છે કે, બંને નેતાઓ વચ્ચે ૩૪ મહિના બાદ આ સત્તાવાર મુલાકાત થઈ છે. સાઉથ બ્લોકમાં મોદીની સાથે વાતચીત કર્યા બાદ બિહારના મુખ્યમંત્રીએ કહ્યું હતુ કે, વડાપ્રધાનને મળીને કેન્દ્રની અનેક યોજનાઓ બંધ થવાથી બિહારમાં થઈ રહેલા નાણાંકીય નુકસાન અંગે વાત કરવામાં આવી છે. આંકડાઓ પણ રજૂ કરવામાં આવ્યા છે. બિહારને ખાસ સહાયતા આપવાની



માંગણી પણ કરવામાં આવી છે. નિતીશકુમારે બિહાર માટે ખાસ દરજ્જાની માંગણી કરી હતી. કેન્દ્રીય સહાયતાની માંગ પણ કરી હતી. ૧૪માં ફાયનાન્સ કમિશન દ્વારા કરવામાં આવેલી ભલામણોના કારણે રાજ્યને નુકસાન થઈ રહ્યું છે. નીતિશે કહ્યું હતું કે, બિહાર માટે સ્પેશિયલ બેકવર્ડ રિઝન બનાવવામાં આવે તે ખુબ જરૂરી છે. જેથી આનાથી વિકાસ કાર્યોને ગતિ આપવામાં આવી શકે છે.

તેમણે ઉમેર્યું હતું કે, અમે મુખ્યરીતે ચાર માંગ રજૂ કરી ચુક્યા છે જે બિહારને નાણાંકીય સ્થિતિ સાથે જોડાયેલી છે. બિહારને ખાસ રાજ્ય જેવી સુવિધા આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. નીતિશે એમ પણ કહ્યું હતું કે, તેઓએ વડાપ્રધાનને કહ્યું છે કે, બિહારમાં જો કોઈ ઉદ્યોગ લગાવવાની ઈચ્છા રાખે છે તો તેને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્રીય કરવેરામાં રાહત મળવી જોઈએ. સાથે સાથે કેન્દ્રની યોજનાઓમાં કેન્દ્રનું યોગદાન ૯૦ ટકા હોવું જોઈએ જ્યારે રાજ્યનું યોગદાન ૧૦ ટકા હોવું જોઈએ. બિહારમાં હાલમાં રહેલી સમસ્યાઓના મુદ્દે પણ રજૂઆત કરવામાં આવી હતી. નિતીશે કહ્યું હતુ કે, વડાપ્રધાને બિહારની મદદ કરવાની ખાતરી આપી છે. થોડાક દિવસ પહેલા આરજેડી વડા લાલૂ પ્રસાદ યાદવની પુત્રીના લગ્નમાં નીતિશકુમાર અને મોદી મળ્યા હતા પરંતુ આ બેઠક અનૌપચારિક રહી હતી. આજની બેઠકને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. લોકસભાની ચૂંટણી પહેલા બંને વચ્ચેના સંબંધો તુટી ગયા હતા.

---

**વર્લ્ડકપ જીતવાની આશા પર પાણી ફરતા નિરાશા**

## ધોની અને અન્ય ક્રિકેટરોના નિવાસે સુરક્ષા વધારી દેવાઈ

નવીદિલ્હી,તા. ૨૬

આઈસીસી વર્લ્ડકપની સેમિફાઈનલ મેચમાં સિડની મેદાન પર ભારતની હાર થયા બાદ ભારતીય કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીના આવાસ પર સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી હતી. ઓસ્ટ્રેલિયા સામે આજે ભારતની ૯૫ રને હાર થતાં ભારત હવે વર્લ્ડકપમાંથી બહાર થઈ ગયું છે. રાંચીમાં આવેલા ધોનીના આવાસ ઉપર સુરક્ષા વધારી દેવામાં આવી હતી. વર્તમાન ચેમ્પિયન



ભારત તરફથી ધોનીએ સૌથી વધુ ૬૫ રન કર્યા હતા પરંતુ ટીમનો દેખાવ ખુબ જ નબળો રહ્યો હતો જેના કારણે ભારતીય ટીમની આજે હાર થઈ ગઈ હતી. નારાજ થયેલા ચાહકો તરફથી કોઈ પગલા ન લેવાય તે માટે સુરક્ષા વધારવામાં આવી હતી. ભૂતકાળમાં પણ ધોનીના આવાસ ઉપર પથ્થરમારાના બનાવ બની ચુક્યા છે. માઈકલ ક્લાર્ક એન્ડ કંપની સામે ભારતની હાર થતાં વર્લ્ડકપમાં સતત સાત મેચથી જીતના ભારતના સિલસિલાનો અંત આવી ગયો હતો. સાથે સાથે વર્તમાન ચેમ્પિયન ભારત બહાર થઈ જતાં હવે નવા વર્લ્ડકપ વિજેતા તરીકે ન્યુઝીલેન્ડ અથવા ઓસ્ટ્રેલિયા ઉભરીને આવશે. સિડનીમાં પ્રથમ બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયાએ ૩૨૮ રન બનાવી લીધા બાદ જ ભારતીય ચાહકોમાં નિરાશા ફેલાઈ ગઈ હતી. બપોર બાદ માનવામાં આવી રહ્યું હતું કે, ભારતીય ટીમ આ જંગી જુમલાને પાર કરી શકશે નહીં. શિખર ધવન અને રોહિત શર્માએ ઓપનિંગમાં ૭૬ રનની ભાગીદારી નોંધાવીને સારી શરૂઆત આપી હતી અને આશા જગાવી હતી પરંતુ ત્યારબાદ નિયમિત ગાળામાં ભારતે વિકેટો ગુમાવી હતી જેથી આખરે હાર થઈ હતી. અન્ય ક્રિકેટરોના આવાસ ઉપર પણ સુરક્ષા વધારવામાં આવી હતી જેમાં વિરાટ કોહલી, સુરેશ રૈનાનો સમાવેશ થાય છે. હારની સાથે જ ચાહકો ભારે નિરાશ થયા હતા અને તેમની વર્લ્ડકપ જીતવાની આશા પર પાણી ફરી વળ્યું હતું.

---

## દેશમાં ૭૫ ટકા સ્કુલોમાં સારી લેબ નથી : સર્વેક્ષણ

નવી દિલ્હી,તા. ૨૬

તાજેતરમાં જ કરવામાં આવેલા એક સર્વગ્રાહી સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે દેશમાં ૭૫ ટકા જેટલી સ્કુલોમાં પુરતી સુવિધાઓ અને સાધનો ધરાવતી લેબ નથી. ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ માટે લેબ નથી હોવાની બાબત સપાટી પર આવતા વિજ્ઞાનને લઈને રહેલી ઉદાસીનતા પણ સપાટી પર આવી છે. દેશમાં આવેલી ૨.૪ લાખ સેકેન્ડરી અને સિનિયર સેકેન્ડરી સ્કુલોને આવરી લઈને કરવામાં આવેલા સર્વેમાં આ બાબત સપાટી પર આવી છે. ધોરણ-નવ અને ૧૦ માટે જ્યાં વિજ્ઞાનનુ શિક્ષણ આપવામાં આવે છે ત્યાં પણ પુરાતા સુવિધા સાથે લેબ નથી. ૫૮ ટકાથી વધારે આવી સ્કુલોમાં લેબ નથી. યુજીસીના ભૂતપૂર્વ ચેરમેન અને વૈજ્ઞાનિક પ્રોફેસર યશપાલે કહ્યું છે કે સ્થિતી ખુબજ દયનીય છે. વર્ષ ૧૯૭૨માં ભારતના અવકાશ કાર્યક્રમની રચના કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરનાર યશપાલે કહ્યું છે કે વિજ્ઞાનના ક્ષેત્રમાં ખુબ ધ્યાન આપવાની જરૂર છે. ભારતના જાણીતા વૈજ્ઞાનિકો પૈકી એક તરીકે યશપાલને ગણવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે દરેક વ્યક્તિ વિજ્ઞાનના શિક્ષણમાં લેબના મહત્વને સારી રીતે સમજે છે. પરંતુ વિજ્ઞાનની નાની નાની બાબતો જાણવા લેબ પણ જરૂરી છે. તેમણે કહ્યું હતું કે દેશમાં આ સ્થિતીને સુધારવા માટે તરત જ સરકારે પગલા લેવા જોઈએ. હાઈ પ્રોફાઈલ સાયન્સ એજ્યુકેશનની સાથે સાથે લેબ મહત્વપૂર્ણ છે. આઈઆઈટી, આઈઆઈએસસી અને અન્ય સંસ્થાઓમાં લેબ ખુબ જરૂરી છે.

વિશ્વભરમાં જાણીતી લેબમાં પ્રેકટિકલ કામને વિજ્ઞાનના શિક્ષણમાં ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સર્વેમાં કેટલીક બાબતો સપાટી પર આવી હતી. યુનિફાઈડ ઈન્ફોર્મેશન સિસ્ટમ ઓન એજ્યુકેશન હેઠળ આ સર્વેની કામગીરી હાથ ધરાવામાં આવી હતી.

આંકડામાં દિલ્હી સ્થિત નેશનલ યુનિવર્સિટી ફોર એજ્યુકેશનલ એડમિનિસ્ટ્રેશન એન્ડ પ્લાનિંગ દ્વારા ચકાસણી કરવામાં આવી હતી. રાજ્યોના આંકડાની વાત કરવામાં આવે તો કર્ણાટકમાં સિનિયર વિદ્યાર્થીઓ માટે માત્ર છ ટકા સ્કુલોમાં જ સંપૂર્ણ સુવિધા ધરાવતી લેબ છે. આંધ્રમાં આંકડો ૧૩ ટકાનો છે.

---

## વડાપ્રધાન મોદી આ વર્ષે તુર્કી જાય તેવી સંભાવના

નવીદિલ્હી, તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ વર્ષે તુર્કીનો પ્રવાસ કરશે. તુર્કી સાથે સંબંધોને મજબૂત કરવાના હેતુસર આ યાત્રા યોજાનાર છે. ભારતમાં તુર્કીના રાજદૂત બુરાક અકાપર દ્વારા આજે આ મુજબની વાત કરવામાં આવી હતી. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં બંને દેશોના એક કાર્યક્રમમાં ભાગ લેતા તેમણે કહ્યું હતું કે, મોદીની યાત્રા ખુબ જ મહત્વપૂર્ણ રહેશે. ૧૩ વર્ષના લાંબા ગાળા બાદ કોઈ ભારતીય વડાપ્રધાન તુર્કીની મુલાકાત લેનાર છે. છેલ્લા ચાર વર્ષમાં ચાર પ્રધાનો તુર્કી જઈ ચુક્યા છે. ભારતના ઉપપ્રમુખ પણ તુર્કી જઈ ચુક્યા છે. ભારતના રાષ્ટ્રપતિએ ૧૫ વર્ષના લાંબા ગાળા બાદ તુર્કીની મુલાકાત લીધી હતી. તેમણે કહ્યું હતું કે, બંને દેશો વચ્ચે રાજકીય, આર્થિક અને વિજ્ઞાનના સંબંધોને મજબૂત કરી શકાય છે.

---

## પાકિસ્તાન ક્રિકેટ ટીમના નવા કેપ્ટનની ટુંકમાં ઘોષણા કરાશે

કરાચી,તા. ૨૬

પાકિસ્તાન વનડે ટીમમાં ધરખમ ફેરફાર કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પીસીબીના ચેરમેન શહેરયાર ખાને આ મુજબનો સંકેત આપી દીધો છે. તેમણે કહ્યું છે કે આગામી થોડાક દિવસમાં નવી પસંદગી સમિતીની જાહેરાત કરવામાં આવશે. સાથે સાથે રાષ્ટ્રીય વનડે ટીમના નવા કેપ્ટનની પણ જાહેરાત કરવામાં આવનાર છે. લાહોરમાં વાતચીતમાં તેમણે કહ્યું છે કે ભુતકાળમાં પાકિસ્તાન ટીમમાં વાઈસ કેપ્ટન રાખવામાં આવ્યા નથી પરંતુ આ વખતે નવા પ્રયોગરૂપે વાઈસકેપ્ટનની પણ જાહેરાત કરવામાં આવનાર છે. તેમણે કહ્યું છે કે તેમની પાસે કોઈ દેખીતી પસંદગી નથી પરંતુ કેપ્ટન મિસબાહે મળીને તેની ભલામણ કરી છે. ખાને કહ્યું છે કે બોર્ડ ઝડપી નિર્ણય લેશે. કારણ કે તરત જ બાગ્લાદેશનો પ્રવાસ કરવામાં આવનાર છે. કેટલાક નાણાંકીય અને સુરક્ષા સાથે સંબંધિત મુદ્દા રહેલા છે. જેને બાગ્લાદેશના પ્રવાસ પહેલા ઉકેલવામાં આવે તે જરૂરી છે. એપ્રિલના ત્રીજા સપ્તાહ સુધી તમામ વિવાદોને દુર કરવામાં આવે તેવી શક્યતા છે. જો કે હાલમાં વધારે સમય રહ્યો નથી. ખાને કહ્યું છે કે તેઓ પૂર્વ સ્ટાર ખેલાડીઓ, બોર્ડના પૂર્વ વડાઓ અને અન્ય તમામ સંબંધિતો સાથે વાતચીત કરશે. તેમણે સંકેત આપ્યો હતો કે મિસબા ટેસ્ટ કેપ્ટન તરીકે થોડાક સમય સુધી જારી રહી શકે છે. જો કે નવા વનડે કેપ્ટનની નિમણૂંક કરવામાં આવનાર છે. ખાને કહ્યું છે કે નવા મુખ્ય પસંદગીકાર અને કમિટીની નિમણૂંક કરવામાં આવનાર છે. વન ડે કેપ્ટન માટે કેટલાક ખેલાડી દાવેદાર છે જેમાં ફવાદ અલમ અને શોએબ મકસુદનો સમાવેશ થાય છે. અનુભવી ઓલરાઉન્ડર શોએબ મલિકને કેપ્ટન બનાવીને વધુ એક તક આપવા માટે પણ લોબી ચાલી રહી છે.

---

## સમાચાર ઝલક

- પાટણના પેપર કટીંગ કોતરણીના કલાકારને લીમ્કા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન.
- મોરબીમાં એકી સાથે ૪ નાના બાળકો ગુમ, ચાલતી શોધખોળ.
- રાજકોટમાં જમીનની હરાજીમાં ૧ ચો.મી.નો ભાવ ૬૦હજાર રૂપિયાથી વધુ બોલાયો.
- આજથી જૈન સમાજમાં આયંબીલ ઓળી, તપ-ત્યાગનો માહોલ સર્જાશે.
- ગુજરાતના કચ્છમાં મેગા ફુડપાર્કની મંજુરી. દેશમાં ૧૭ મેગા ફુડપાર્ક બનશે.
- કચ્છમાં ૧૨ બોગસ સૈનિકો ઝડપાયા. સૈનિકોની નકલી સર્વિસ બુકો બનાવવાનું કૌભાંડ.
- દેશની સૌથી મોટી વયની ૧૧૨ વર્ષની કેરળની કુંજન એન્ટનીનું અવસાન.
- સહારાના કર્મચારીએ ચાર મહિનાથી પગાર ન મળતાં ટાવર પરથી પડતું મુકયું.
- પુરતું પાણી ન પીવાથી માથાનો દુઃખાવો તથા મુડ આઉટ વર્તાય છે.
- રાજપથ કલબની ચુંટણીનું પરિણામ સોમવારે હાઈકોર્ટ સમક્ષ જાહેર થશે.
- પરીક્ષાના બહાને સગીરા બમણી ઉંમરના પ્રેમી સાથે રફ્ફુચક્કર.
- કોલસા કાંડમાં કુમારમંગલમ બિરલા પણ સુપ્રીમમાં ગયાં.
- પીટરસન આઈપીએલને બદલે કાઉન્ટી ક્રિકેટ રમશે.
- તાતા સન્સ હવે ડોકોમોનું હોલ્ડિંગ ખરીદી નહિ શકે.

---

## પ્રશાંત ભુષણ અને યોગેન્દ્ર યાદવની ટુકમાં હકાલપટ્ટી

નવી દિલ્હી,તા. ૨૬

દિલ્હીમાં થોડાક સમય પહેલા યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ઈતિહાસ રચીને જંગી બહુમતિ મેળવી લેનાર આમ આદમી પાર્ટીમાં હાલ જોરદાર ખેંચતાણ ચાલી રહી છે. હવે પ્રશાંત ભુષણ અને યોગેન્દ્ર યાદવની પાર્ટીમાંથી હકાલપટ્ટી કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. બન્ને નેતાઓને પાર્ટીમાંથી કાઢી મુકવા કેજરીવાલ નિર્ણય કરી ચુક્યા છે. સુત્રોએ કહ્યું છે કે દિલ્હીના મુખ્યપ્રધાન અને પાર્ટીના કન્વીનર કેજરીવાલ બન્નેની પ્રવૃતિને લઈને ભારે નાખુશ છે. એમ માનવામાં આવે છે કે કેજરીવાલ બન્નેને ટીમમાં જોવા ઈચ્છતા નથી. એમ પણ માનવામાં આવે છે કે આ બન્ને નેતાઓ પાસેથી રાજીનામુ માંગી લેવામાં આવ્યું છે. ગઈકાલે કેજરીવાલના આવાસ પર મહત્વપૂર્ણ બેઠક થઈ હતી. આમ આદમી પાર્ટીની રાજકીય બાબતોની કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં તમામ પાસા પર ચર્ચા કરવામાં આવી હતી. હજુ પણ પાર્ટીમાં અન્ય એક જુથ માને છે કે પાર્ટીમાં નેતૃત્વમાં ફેરફાર કરવામાં આવે તે જરૂરી છે. જો કે પાર્ટીના સિનિયર નેતા માની રહ્યા છે કે આ મામલે શનિવારે યોજાનારી પાર્ટીની નેશનલ કાઉન્સિલની બેઠકમાં વાતચીત કરવામાં આવનાર છે.

---

## લેનોવા એ૭૦૦૦ ૭મી એપ્રિલે લોંચ કરી દેવાશે

નવીદિલ્હી,તા. ૨૬

લેનોવા ઈન્ડિયાએ ૭મી એપ્રિલના કાર્યક્રમ માટે આમંત્રણ મોકલવાની શરૂઆત કરી દીધી છે. એમ માનવામાં આવે છે કે, કંપની આ કાર્યક્રમમાં એ૭૦૦૦ સ્માર્ટફોન લોંચ કરી રહી છે. આ આમંત્રણમાં આવનાર લોકોને તમામ બાબતો અંગે માહિતી આપવામાં આવશે પરંતુ ડોલ્બી એટમોસ ટેકનોલોજીને ટીઝ કરવામાં આવ્યા છે જે લેનોવો એ૭૦૦૦ સ્માર્ટફોનમાં બિલ્ટઈન આવે છે. આ ફોન પરથી મોબાઈલ વર્લ્ડ કોંગ્રેસમાં કેટલીક બાબતો સપાટી ઉપર આવી ગઈ હતી. તેની કિંમત ૧૬૯ ડોલર એટલે કે ૧૦૪૦૦ રૂપિયા રહેશે.

---

## હાલમાં કામચલાઉ નોકરીને વધારે પ્રાથમિકતા અપાય છે

નવી દિલ્હી,તા. ૨૬

આધુનિક સમયમાં સામાન્ય લોકો કાયમી નોકરી કરવાના બદલે કામચલાઉ નોકરી કરી વધારે નાણાં ઉભા કરવા માટે ઈચ્છે છે.સુરક્ષા કર્મચારીઓ માટે વધારે મહત્વ રાખતી નથી. આધુનિક સમયમાં સારા નાણાં, કેરિયર પ્રોફાઈલ અને અતિ ઝડપથી બઢતી અથવા પ્રમોશન કઈ રીતે મળે છે તેને વધારે મહત્વ મળવા લાગ્યું છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે મોટી સંખ્યામાં ભારતીય લોકો હવે કાયમી નોકરી છોડીને વધુ સારા આકર્ષક કામ ચલાઉ રોલને વધારે મહત્વ આપી રહ્યા છે. ટૂંકમાં કામ ચલાઉ નોકરીમાં પૈસા વધારે હોય તો તેને મહત્વ આપતા થયા છે. અગાઉના સમયમાં સરકારી નોકરીઓને વધારે મહત્વ અપાતું હતું. કારણ કે તેમાં નોકરીની સુરક્ષા રહેલી છે પરંતુ હવે યુવા ભારતીય કર્મચારીઓ જોબ સિક્યુરિટીને લઈને વધારે મહત્વ આપતા નથી. સારા કેરિયર પ્રોફાઈલ, નાણા અને ઓર્ગેનાઈઝીંગ બ્રાન્ડ માટે જોબ સિક્યુરિટીને વધારે મહત્વ આપી રહ્યા નથી. કંપનીમાં કામ કરતા ઘણા અધિકારીઓ આ મુજબની વાત કરી ચૂક્યા છે. કેટલાક એવા કિસ્સા છે જે કિસ્સામાં સારી કાયમી નોકરી ધરાવનાર લોકો તે નોકરીને છોડીને કામચલાઉ નોકરીમાં સારા પગાર ઉપર જોડાયા છે. લોકોનું કહેવું છે કે તમામ પ્રકારની કુશળતા હોવા છતાં કાયમી જોબમાં પ્રમોશનની ગતિ ધીમી હોય છે. બીજી બાજુ કામચલાઉ નોકરીમાં પ્રાથમિક તબક્કે સારા પગાર સાથે રાખવામાં આવે છે. ઘણા કિસ્સાઓમાં આ બાબત હવે લાગી પડતી હોય છે. મોટાભાગના કેસોમાં કામચલાઉ નોકરીમાં જ્યારે વ્યક્તિ પ્રવેશ કરે છે ત્યારે ઊંચા પગાર પેકેજ આપવામાં આવે છે. ભારતમાં યુવા કર્મચારીઓને નોકરીની દહેશત આજના સમયમાં સતાવી રહી છે.